RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૩૫ તા.૨૫–૧૧–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી સલીમ લુકમાન સૈયદ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લિંબાયત ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી સલીમ લુકમાન સૈયદનીતા.૧૩–૧૦–૧૧ની અરજીથી તા.૪–૭–૧૧ અને તા.૨૫–૮–૧૧ ના રોજ માનદરવાજા ગલી નં.૭ ના રહીશો ધ્વારા પીવાના પાણીની ગુણવત્તા અને સમસ્યાઓ માટે અરજીઓ કરવામાં આવેલ જેમાં આપના ખાતા ધ્વારા આજ દિન સુધી થયેલ કાર્યવાહિની વિસ્તૃત માહિતીઆપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૫–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૩૫/૨૦૧૧–૧૨

શ્રી સલીમ લુકમાન સૈયદની તા.૧૩–૧૦–૧૧ની અરજીથી તા.૪–૭–૧૧ અને તા.૨૫–૮–૧૧ ના રોજ માનદરવાજા ગલી નં.૭ ના રહીશો ધ્વારા પીવાના પાણીની ગુણવત્તા અને સમસ્યાઓ માટે અરજીઓ કરવામાં આવેલ જેમાં આપના ખાતા ધ્વારા આજ દિન સુધી થયેલ કાર્યવાહિની વિસ્તૃત માહિતી આપવા બાબતે દસ્તાવેજી ફી ભરેલ હોવા છતાં માહિતી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતિની દફતરી વિગત નકલ સહ સ્પષ્ટ કરવા તથા અરજદારે દસ્તાવેજ ફી ભર્યા બાદ માહિતી મોકલેલ હોય તો તેની વિગત અને મોકલેલ ન હોય તો તેના કારણ સહ વિગત પણ મોકલવા પત્ર નં.આઢ રટીઆઈ સેલ/૧૨૧૦ તા.૫–૧૨–૧૧થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લિંબાયત ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ વિગત મળેલ નથી. અરજદારે અપીલ અરજી સાથે જાહેર માહિતી અધિકારી તરફથી દસ્તાવેજી ફી રૂા.૪/– ભરી માહિતી મેળવવા લખેલ તા.૩–૧૧–૧૧ના પત્રની નકલ, નકલ ફી ભર્યા અંગેની તા.૩–૧૧–૧૧ની રસીદની નકલ, મુળ અરજીની નકલ, તેમજ ફી ભર્યાની વિગત રજુ કરેલ છે.

અરજદારે તા.૧૩–૧૦–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતિ માંગતી અરજી લિંબાયતઝોનની કચેરી ખાતે કરવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા આજ દિન સુધી થયેલ કાર્યવાહિની વિસ્તૃત માહિતી આપવા બાબતે દસ્તાવેજી ફી ભરેલ હોવા છતાં માહિતી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા.૨૫–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જે અંગે અરજદારની અરજીમાં તા.૪–૭–૧૧ અને તા.૨૫–૮–૧૧ ના રોજ માનદરવાજા ગલી નં.૭ ના રહીશો ધ્વારા પીવાના પાણીની ગુણવત્તા અને સમસ્યાઓ માટે અરજીઓ કરવામાં આવેલ જેમાં આપના ખાતા ધ્વારા આજ દિન સુધી થયેલ કાર્યવાહિની વિસ્તૃત માહિતી આપવા. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તેમના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૧૯૨ તા.૩–૧૧–૧૧થી નિયત સમય અવધિમાં દસ્તાવેજી રૂા.૪/– ભરપાઈ કરવા પાઠવેલ પત્ર સિવાય કોઈ પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાતુ નથી. કે માહિતી ના ઈન્કાર અંગે આરટીઆઈની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. અરજદારે તા.૩–૧૧–૧૧ ના રોજ મળેલ પત્રમાં દસ્તાવેજી ફી રૂા.૪/– ભરી જાવ જે ભરપાઈ કરવા છતાં આજ દિન સુધી માહિતી મળેલ નથી. એમ જણાવી અપીલ અરજી કરેલ.

# હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૩–૧૦–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી અરજદારે દસ્તાવેજ ફી ભરવા છતાં જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પાડવામાં આવેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં દફતરી હકીકત લક્ષી માહિતી પુરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લિંબાયત ઝોનને જણાવવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લિંબાયત ઝોન .....જાણ તથા અમલ માટે
(૨) શ્રી સલીમ લુકમાન સૈયદ,